દાખલ કર્યાની તારીખ	૧૨–૧૨–૨૦૨૩		
રજી.કર્યાની તારીખ	૧૨–૧૨–૨૦૨૩		
ફેસલ કર્યાની તારીખ	૦૭–૦૫–૨૦૨૬		
સમયગાળો	વર્ષ	માસ	દિવસ
	૦૨	૦૪	૨૬

::

જામનગરના મહે.શ્રી પ્રિન્સીપાલ સિનીયર સીવીલ જજ તથા એડીશનલ ચીફ જ્યુડિશ્યલ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં,મુ.જામનગર.

::

કોમર્શિયલ સીવીલ સ્યુટ નં. ૧૨૧/૨૦૨૩

આંક:– ....

વાદી:– **(૧) ગુજરાત ગ્રામીણ બેંક,**
થ્રુ બ્રાંચ મેનેજર,
શ્રી વસંતરાય જમનાદાસ પરમાણી,
ચેલા શાખા,
રહે. ગામ–ચેલા, તા./જિ. જામનગર.

વિરુદ્ધ

પ્રતિવાદીઓ :– **(૧) સંજયસિંહ રામસંગ કેર,**
(૨) ભાનુબેન રામસંગ કેર,
(૩) મીનુબેન રામસંગ કેર,
(૪) કિશોરસિંહ રામસંગ કેર,
(૫) જયાબા રામસંગ કેર,
(૬) પારૂબા રામસંગ કેર,

(૭) મંજુલાબા અનોપસિંહ કેર,
(૮) ભુમીકાબા અનોપસિંહ કેર,
બધા રહે. ગામ–ચેલા, તા./જી. જામનગર.

બાબત :–રૂા.૯,૨૦,૪૨૬:૮૦ પૈસા વસુલ મેળવા અંગે...

::
વાદી તરફે વિ.વ.શ્રી :– કે.આર.કણઝારીયા
પ્રતિવાદીઓ તરફે વિ.વ.શ્રી :– ડી.સી.રાઠોડ
::

– : ચુ કા દો :–

(૧) વાદીના દાવાની ટુંકમાં હકીકત એવી છે કે, વાદી ગુજરાત ગ્રામીણ બેંક એ સ્ટેટ બેંક ઓફ ઈન્ડીયા દ્વારા પ્રાયોજીત બેંક છે તેમની હેડ ઓફિસ રાજકોટમાં આવેલ છે અને સૌરાષ્ટ્રમાં તેમની અલગ અલગ જગ્યાઓએ બ્રાંચો આવેલ છે. જામનગર જીલ્લા/તાલુકાના, ચેલા ગામે આવેલ બ્રાંચ દ્વારા બેકીંગનું ડીપોઝીટ ધિરાણ વિગેરેનું કામકાજ કરવામાં આવે છે. દાવામાં સહી કરનાર ચેલા શાખાના મેનેજર છે અને તેમને બેંક વતી આ દાવો લાવવાની સત્તા અને અધિકાર છે. આ કામના પ્રતિવાદીઓ મોજે ચેલા ગામના રહીશો છે અને ત્યાં જ ખેતીની જમીનો ધરાવે છે. પ્રતિવાદીઓએ વાદી બેંકની ચેલા શાખાનો સંપર્ક કરી લોન માટેની માંગણી કરેલ. જે અન્વયે બેંક દ્વારા ખરીફ ધીરાણ લોન તા. ૧૯/૦૬/૨૦૨૦ ના રોજ રૂપિયા ૬,૪૨,૦૦૦/– મંજુર કરવામાં આવેલ. પ્રતીવાદીઓએ વાદી બેંક જોગ આ લોન અંગેના દાવા અરજીમાં જણાવેલા જુદા જુદા દસ્તાવેજો કરી આપેલ છે.

(૧.૧) વાદી વધુમાં પોતાની દાવા અરજીમાં જણાવે છે કે, પ્રતિવાદીઓ દ્વારા આ લોનની રકમનો વાદી બેંકને કરારમાં દર્શાવ્યા મુજબ મુદતમાં વ્યાજ સહીત પરત વસુલ આપવાની હતી, પરંતુ પ્રતિવાદીઓએ તે ભરપાઈ નહીં કરતાં તે

વસુલ મેળવવા બેંકને હાલનો દાવો લાવવાની ફરજ પડેલ છે. વાદી બેંકના હિસાબી ચોપડા/સ્ટેટમેન્ટ ઓફ એકાઉન્ટ મુજબ તા. ૩૧/૦૩/૨૦૨૩ સુધીના ચડતવ્યાજ સહીતની લોન રૂપિયા ૯,૨૦,૪૨૬.૮૦ બાકી લેણી રકમ તરીકે નીકળે છે.

(૧.૨) વાદી વધુમાં પોતાની દાવા અરજીમાં જણાવે છે કે, વાદીએ પતિવાદીઓને આ લોનની રકમ ભરપાઈ કરી જવા અવાર–નવાર મૌખીક તેમજ લેખીત રીતે જણાવેલ છે, પરંતુ પ્રતિવાદીઓ દ્વારા આ રકમ ભરપાઈ કરવામાં ન આવતાં બેંક દ્વારા વારંવાર લેખીત નોટીસો આપેલ અને છેવટે રજીસ્ટર્ડ એ. ડી.પોસ્ટ લીગલ નોટીસ આપી બાકી રકમ ભરપાઈ કરી આપવાની પ્રતિવાદીઓને સુચના આપવામાં આવેલ છે છતાં પ્રતિવાદીઓએ વાદી બેંકને કોઈ રકમ વસુલ આપેલ નથી. જે વસુલ મેળવવા હાલનો દાવો લાવવામાં આવે છે. પ્રતિવાદીઓ દ્વારા લોનની રકમ મેળવી તેનો ઉપયોગ કરેલ છે. પ્રતિવાદીઓએ લોન કરાર મુજબ મુદ્દત પુરી થવા છતાં કોઈ રકમ વસુલ આપેલ નથી. વાદી લોન કરાર મુજબ લોનની બાકી રકમ કરાર મુજબના વ્યાજ સહીતની તમામ રકમ એકી સાથે વસુલ લેવા હકકદાર હોવાનું જણાવે છે.

(૧.૩) વાદી વધુમાં પોતાની દાવા અરજીમાં જણાવે છે કે, આ કામમાં કોમર્શીયલ મેડીએશન કેસ નં.૫૮/૨૦૨૩ થી વાદી બેંક દ્વારા અરજી દાખલ કરવામાં આવેલ જેમાં સામાવાળાઓ મીડીએશન પ્રોસેસ માટે એગ્રી ન થતા ડી.એલ.એસ.એ દ્વારા નોન સ્ટાર્ટર રીપોર્ટ તા. ૧૧/૧૦/૨૦૨૩ ના રોજ આપવામાં આવેલ છે. તેવી હકીકત જણાવી દાવા અરજીના પેરા–૧૪ મુજબની જુદી જુદી દાદ અપાવવા વિનંતી કરેલ છે.

(૨) વાદી દ્વારા હાલનો દાવો રજૂ થતા દાવો રજીસ્ટરે લેવામાં આવેલ અને આ કામના પ્રતિવાદીઓ ઉપર દાવાની નોટીસ ઈશ્યુ કરવામાં આવેલ જે

અનુસંધાને આ કામના પ્રતિવાદીઓને નોટીસ ધોરણસર બજી જતા પ્રતિવાદીઓ પોતાના વિ.વ.શ્રી મારફતે હાજર થયેલા અને દાવા અરજીનો આંક–૧૯થી વિગતવારનો લેખિત જવાબ રજૂ કરેલ છે. પ્રતિવાદીઓ પોતાના જવાબમાં વાદીની દાવા અરજીની મહત્વની હકીકતોનો ઈનકાર કરતાં આવેલા છે અને વધુમાં દાવા અરજીના જવાબમાં તેઓ જણાવે છે કે, વાદીના દાવાને સમય–મર્યાદાની જોગવાઈનો બાધ નળે છે. પ્રતિવાદી નં. ૮ સગીર હોવા છતાં તેઓને સગીર તરીકે દર્શાવેલ નથી અને તેઓએ કોઈપણ જાતનું ધિરાણ મેળવેલ નથી. વાદીએ ખોટી રકમ દાવા અરજીમાં દર્શાવેલી છે. આ ગણતરીમાં વ્યાજનું પણ વ્યાજ ગણીને ખોટી રકમ માંગી રહેલા હોય, દાવો ચાલવાપાત્ર નથી. વાદીને દાવો દાખલ કરવાનો અધિકાર ન હોવાનું જણાવી વાદીનો દાવો ખર્ચ સહિત રદ કરવા વિનંતી કરેલ છે.

(૩) વાદી દ્ધારા રજુ કરવામાં આવેલી દાવા અરજી તથા પ્રતિવાદીઓ તરફે રજુ થયેલ વાંધા જવાબ અને રજુ કરેલા દસ્તાવેજી પુરાવા વિગેરે ધ્યાને લઈ અત્રેની અદાલત દ્ધારા સદરહુ દાવાના ન્યાયિક નિર્ણય માટે આંક–૨૦ થી નીચે મુજબના મુદ્દાઓ ઘડવામાં આવેલ છે.

:: મુદ્દાઓ ::

(૧) શુ વાદી પુરવાર કરે છે કે, આ કામના પ્રતિવાદીઓએ વાદી સંસ્થામાંથી તા. ૧૯/૦૬/૨૦૨૦ ના રોજ રૂ.૬,૪૨,૦૦૦/– (છ લાખ બેતાલીસ હજાર) ની પાક ધીરાણ ખરીફ લોન મેળવેલી અને તે અંગે જુદા જુદા દસ્તાવેજો કરી આપેલા ?

(૨) શું વાદી પુરવાર કરે છે કે, આ કામના પ્રતિવાદીઓએ લીધેલી લોનના નિયમીત હપ્તા ભરપાઈ કરવામાં આવેલા નહી જેથી દાવો

કર્યા તારીખે વાદી બેન્કે પ્રતિવાદી પાસેથી કુલ રૂ.૯,૨૦,૪૨૬.૮૦ ની કાયદેસરની લોનની બાકી રકમ વસુલ લેવાની રહેતી હતી ?

(૩) શું વાદી પુરવાર કરે છે કે, વાદીનો દાવો સમયમર્યાદામાં દાખલ કરવામાં આવેલો છે ?

(૪) શું વાદી માગ્યા મુજબની દાદ મેળવવા હકકદાર છે?

(૫) શું હુકમ અને હુકમનામું.

(૪) ઉપરોકત મુદ્દાઓ અંગેના નિર્ણય તેના કારણો સહિત નીચે મુજબ છે.

મુદ્દા નં.૧ :– હકારમાં.

મુદ્દા નં.૨ :– નકારમાં.

મુદ્દા નં.૩ :– હકારમા.

મુદ્દા નં.૪ :– અંશતઃ હકારમાં.

મુદ્દા નં.૫ :– આખરી હુકમ મુજબ.

(૫) બાદમાં આ કામે વાદી તરફે નીચે મુજબનો મૌખિક તથા દસ્તાવેજી પુરાવો રજુ કરેલ છે.

–: વાદીનો મૌખિક પુરાવો :–

ક્રમ નં.	સાહેદનું નામ.	આંક
૦૧	વાદી તરફે ચિંતન શરદભાઈ ભટ્ટનું પુરાવાનું સોગંદનામું.	૨૪
૦૨	વાદી તરફે મકવાણા પ્રકાશભાઈ ખાનાભાઈનું પુરાવાનું સોગંદનામુ.	૩૬

-: વાદીનો લેખિત પુરાવો :-

ક્રમ નં.	દસ્તાવેજની વિગત.	આંક
૧.	હાઈપોથીકેશન એગ્રીમેન્ટ.	૨૭
૨.	દસ્તાવેજમાં કરેલ અંગુઠાના નિશાનો ઓળખાવવા અંગેનું ફોર્મ (સી.સી.૧૩)	૨૮
૩.	તા. ૧૨/૦૯/૨૨ ના લીંક ક્રમ રીવાઈવલ લેટર.	૨૯
૪.	તા. ૦૩/૦૮/૧૭ નો હાઈપોથીકેશન એગ્રીમેન્ટ.	૩૦
૫.	તા. ૨૦/૦૬/૨૦ સુધીના વ્યાજ સહિતના પ્રતિવાદીના બંન્ને ખાતાના સ્ટેટમેન્ટ ઓફ એકાઉન્ટ.	૩૧
૬.	પ્રતિવાદીઓને રજી.એ.ડીથી મોકલવામાં આવેલ નોટીસ.	૩૨

(૬) આ સિવાય વાદી તરફે પોતાની દાવા અરજીના સમર્થનમાં અન્ય કોઈ મૌખીક કે દસ્તાવેજી પુરાવા રજુ કરવામાં આવેલ નથી. વાદી તરફથી આંક- ૩૭ થી કલોઝીંગ પુરસીસ રજુ કરીને પોતાનો પુરાવો બંધ થયેલાનું જાહેર કરેલ છે.

(૭) બાદમાં આ કામે પ્રતિવાદીઓ તરફે નીચે મુજબનો મૌખિક તથા દસ્તાવેજી પુરાવો રજુ કરેલ છે.

-: પ્રતિવાદીનો મૌખિક પુરાવો :-

ક્રમ નં.	સાહેદનું નામ.	આંક
૧.	પ્રતિવાદી તરફે સંજયસિંહ રામસંગ કેરનાઓનું પુરાવાનું સોગંદનામુ.	૩૯

(૮) આ સિવાય પ્રતિવાદીઓ તરફે પોતાના બચાવના સમર્થનમાં અન્ય કોઈ મૌખિક કે દસ્તાવેજી પુરાવો રજૂ કરવામાં આવેલ નથી. પ્રતિવાદીઓ તરફથી આંક-૪૦ થી કલોઝીંગ પુરસીસ રજુ કરીને પોતાનો પુરાવો બંધ થયેલાનું જાહેર કરેલ છે.

(૯) વાદી તરફે પોતાની દાવા અરજીના સમર્થનમાં મૌખિક દલીલ કરતા જણાવે છે કે, વાદી બેંક દ્વારા આ કામના પ્રતિવાદીને લોન આપવામાં આવેલી છે. જે અંગેના દસ્તાવેજો આ કામે રજૂ કરી સાબિત કરવામાં આવેલા છે. લોનની હકીકત ધ્યાને લેતા ૨૦૨૦ ના વર્ષમાં લોન આપવામાં આવેલ હોય, દાવો સમય-મર્યાદામાં દાખલ કરવામાં આવેલ છે. પ્રતિવાદી દ્વારા ખોટા બચાવો લેવાનો પ્રયત્ન કરવામાં આવેલ છે. આ કામના પ્રતિવાદી નં. ૮ સગીર હોવાનું દર્શાવતો કોઈ પુરાવો પ્રતિવાદી દ્વારા રજૂ કરવામાં આવેલ નથી. આંક-૨૭ થી આંક-૩૨ ના જુદા જુદા દસ્તાવેજો ધ્યાને લેતા દાવાની હકીકત સાબીત થાય છે. જેથી દાવો મંજુર કરી માંગ્યા મુજબની દાદ અપાવવા વિનંતી કરેલ છે.

(૧૦) પ્રતિવાદીઓ તરફે વિ.વ.શ્રી મૌખિક દલીલ કરતાં જણાવે છે કે, વાદી બેંક હોવાને નાતે ગરીબ ખેડૂતોને ખેતી કરવા માટે સરકારી યોજના મુજબ ધિરાણ આપે છે. આ ધિરાણ મોટાભાગે ગરીબ ખેડૂતો ખેતી કરવાના હેતું માટે લેતા હોય છે. આ કામના પ્રતિવાદી ખેતીની આવક સિવાય બીજી કોઈ આવક ધરાવતા નથી. તેઓ આર્થિક પરિસ્થિતિ સારી ન હોવાના કારણે જે તે વખતે રકમ ભરી ન શકતા વાદી બેંકે પેનલ્ટી ઈન્ટરેસ્ટની ગણતરી કરી તેને દર વર્ષે મુળ રકમમાં ઉમેરીને પેનલ્ટી ઈન્ટરેસ્ટની રકમ ઉપર પણ વ્યાજ ગણેલું છે. આમ, વાદી બેંકે વ્યાજનું પણ વ્યાજ ગણેલું છે અને પેનલ્ટી ઈન્ટરેસ્ટ માંગીને

દાવો કરેલો છે. પ્રતિવાદીએ અગાઉ પણ વાદી બેંકના અધિકારીનો સંપર્ક કરી ગરીબ ખેડૂત તરીકે જો રાહત આપવામાં આવે તો લોનની બાકી રકમ સાદા વ્યાજ સહીત ભરપાઈ કરવાની તૈયારી દર્શાવેલી. પ્રતિવાદી પાસે આ લોનની રકમ ભરપાઈ કરવા માટે નાણા ન હોવા છતાં તેની અન્ય રીતે વ્યવસ્થા કરીને લોન ભરપાઈ કરી વ્યાજમાંથી મુક્તિ મેળવવા માટે અનેક વખત વાદી બેંકના અધિકારીનો સંપર્ક કરેલો છે. અગાઉ અન્ય વ્યક્તિઓને વાદી બેંક દ્વારા વ્યાજમાં રાહત આપવામાં આવેલી, પરંતુ પ્રતિવાદીને આવી કોઈ રાહત આપવામાં આવેલી નથી. આ ઉપરાંત પ્રતિવાદી નંબર–૮ નાઓ સગીર હોવા છતાં તેઓને દાવાના કામે જોડેલા છે. જેથી તેઓની સામે કોઈ હુકમનામુ થઈ શકે નહીં તેવી રજુઆત કરી વાદીએ ખોટી રકમનો દાવો કરેલો હોય, દાવો ખર્ચ સહીત રદ કરવા વિનંતી કરેલ છે. આ ઉપરાંત આંક–૩૮ થી પુરસીસ રજૂ કરીને પ્રતિવાદીએ એવી રજૂઆત કરેલી છે કે, વાદી દ્વારા પેનલ્ટી ઈન્ટરેસ્ટ ગણીને તેના ઉપર પણ વ્યાજ ગણી વ્યાજનું વ્યાજ મેળવવા દાવો દાખલ કરેલ હોય, પ્રતિવાદી સામાન્ય વર્ગના ખેડૂત છે અને ખેતીની આવક સિવાય આવકના અન્ય કોઈ સ્ત્રોત નથી. જેથી વ્યાજ માફ કરી આપવા અરજ ગુજારેલ છે.

–:: કારણો ::–

–: મુદ્દા નંબર–૧ :–

(૧૧) વાદી તરફે હાલનો દાવો એવી હકિકતોએ રજુ કરવામાં આવેલ છે કે, આ કામના પ્રતિવાદીએ વાદી પાસેથી રૂપિયા ૬,૪૨,૦૦૦/– ની પાક ધિરાણ ખરીફ લોન તા. ૧૯/૦૬/૨૦૨૦ ના રોજ મેળવેલ હોવાનું વાદીનું કહેવું છે. આ હકીકત સાબિત કરવા માટે વાદી દ્વારા

આંક–૨૭ થી કિશાન ક્રેડીટ કાર્ડ પાક ધિરાણ અંગે રીન્યુઅલ પત્રક રજૂ કરેલ છે. જેની વિગત ધ્યાને લેતા તેમાં ચાલુ વર્ષે મંજુર કરેલી રકમ રૂપિયા ૬,૪૨,૦૦૦/– દર્શાવવામાં આવેલી છે. જે દસ્તાવેજ ધ્યાને લેતા આ કામના વાદીએ પ્રતિવાદીને રૂપિયા ૬,૪૨,૦૦૦/– ની કૃષી વિષયક લોન આપેલ હોવાનું ફલિત થાય છે. વાદી દ્વારા આંક–૨૭ થી આંક–૩૧ સુધી જુદા જુદા દસ્તાવેજો રજૂ કરેલા છે તે ધ્યાને લેતા વાદી બેંકની તરફેણમાં આ લોન અનુસંધાને રીવાઈવલ લેટર તથા હાઈપોથીકેશન લેટર વિગેરે દસ્તાવેજો કરી આપવામાં આવેલા છે. આ સમગ્ર બાબત ધ્યાને લેતા મુદ્દા નંબર–૧ની હકીકત સાબિત થતી હોય મુદ્દા નંબર–૧ નો જવાબ ન્યાયના હિતમાં "**હકારમાં**" આપવામાં આવે છે.

–: મુદ્દા નંબર–૨ :–

(૧૨) વાદીના કહેવા મુજબ આ કામના પ્રતિવાદીને આપવામાં આવેલી લોનની રકમ નિયત સમય–મર્યાદામાં આ કામના પ્રતિવાદી દ્વારા ભરપાઈ કરી આપવામાં આવેલ નથી. જેથી વાદીએ હાલનો દાવો દાખલ કરવાની જરૂરીયાત ઉપસ્થિત થયેલી છે. વાદીએ હાલનો દાવો રૂપિયા ૯,૨૦,૪૨૬.૮૦ ની રકમ વ્યાજ સહિત વસુલ મેળવવા માટે દાખલ કરેલો છે. આ કામના વાદી દ્વારા ૨૦૨૦ ના વર્ષમાં પ્રતિવાદીને રૂપિયા ૬,૪૨,૦૦૦/– ની લોન આપવામાં આવેલી હતી તે અંગેની હકીકત દર્શાવવા માટે રજૂ કરેલા જુદા જુદા દસ્તાવેજો ધ્યાને લેતા તેમાં આંક–૩૦ થી લોન ખાતાનું સ્ટેટમેન્ટ રજૂ કરવામાં આવેલ છે. સદરહુ લોન ખાતાની ઉતારાને ધ્યાને લેતા તા. ૩૦/૦૬/૨૦૨૩ ના રોજ વાદી દ્વારા આપવામાં આવેલ લોન ખાતાની પ્રતિવીદીએ ભરવાની બાકી રહેતી રકમ રૂપિયા ૬,૫૬,૧૮૮.૮૦ હોવાનું જણાય આવે છે. આ દસ્તાવેજ વાદીએ

પોતે રજૂ કરેલ છે. વાદીના કહેવા મુજબ વાદી બેંકમાં નિયમીત રીતે નિભાવવામાં આવતા પ્રતિવાદીના લોન ખાતાનો ઉત્તારો આંક–૩૦ થી રજૂ કરવામાં આવેલો છે. વાદી દ્વારા તપાસવામાં આવેલા બેંક સાહેદની ઊલટતપાસમાં પણ તેઓ એવી હકીકત જણાવે છે કે, પ્રતિવાદીના લોન ખાતાની બાકી રકમ દર્શાવવા વાદી દ્વારા આંક–૩૦ થી ખાતાનો ઉત્તારો રજૂ કરવામાં આવેલ છે. આ લોનની બાકી રકમ દર્શાવવા માટે વાદીએ આંક–૩૦ ના દસ્તાવેજ સિવાય અન્ય કોઈ દસ્તાવેજ રજૂ કરેલ નથી કે જેના ઉપરથી લોન ખાતાની બાકી રકમ જાણી શકાય.

(૧૨.૧) આ ઉપરાંત વાદી દ્વારા આંક–૩૧ થી રજૂ કરવામાં આવેલ દસ્તાવેજ ધ્યાને લેતા વાદીએ દાવો દાખલ કરતાં પહેલાં આ કામના પ્રતિવાદીઓને બાકી લેણા પેટે જે નોટીસ આપેલી તે નોટીસની ઓફિસ કોપી છે. આ નોટીસ તા. ૦૮/૦૮/૨૦૨૨ ના રોજ વાદી બેંક દ્વારા આ કામના પ્રતિવાદીને આપવામાં આવેલી છે. જેમાં દર્શાવેલી વિગત ધ્યાને લેતા પ્રતિવાદીને તા. ૧૯/૦૬/૨૦૨૦ ના રોજ પાક ધિરાણ ખરીફ લોન તરીકે રૂપિયા ૬,૪૨,૦૦૦/– આપેલ હોવાનું જણાવવામાં આવેલું છે. આ વિગત દાવા અરજીમાં જણાવેલી વિગત જેવી જ છે. જેથી આ જ લોન બાબતે આંક–૩૧ વાળી નોટીસ આપવામાં આવેલ હોવાનું પ્રથમદર્શનીય રીતે જણાય આવે છે. સદરહુ નોટીસ આપી તે સમયે એટલે કે તા. ૦૮/૦૮/૨૦૨૨ ના રોજ પ્રતિવાદીએ ભરપાઈ કરવાની બાકી રહેતી રકમ રૂપિયા ૭,૯૩,૫૬૨.૮૦ હોવાનું વાદી દ્વારા દર્શાવવામાં આવેલું છે. આમ, વાદીએ ૨૦૨૦ ના વર્ષમાં આપેલ રૂપિયા ૬,૪૨,૦૦૦/– ની લોન ઉપર વ્યાજની ગણતરી કરી તા. ૦૮/૦૮/૨૦૨૨ ના રોજ બાકી રહેતી રકમ તરીકે રૂપિયા ૭,૯૩,૫૬૨.૮૦ હોવાનું ખુદ વાદીએ પ્રતિવાદીને જણાવેલું છે. આ નોટીસ આપવા છતાં પ્રતિવાદીએ રકમ

ભરેલી નહીં તેવું જણાવીને વાદીએ હાલનો દાવો તા. ૧૨/૧૨/૨૦૨૩ ના રોજ એટલે કે, આંક–૩૧ ની નોટીસ આપ્યા બાદ આશરે ૧૬ મહિના પછી દાખલ કરેલો છે. જેમાં બાકી રહેતી રકમ રૂપિયા ૯,૨૦,૪૨૬.૮૦ હોવાનું વાદી જણાવે છે, પરંતુ આ અંગે એક પણ દસ્તાવેજ દાવાના કામે રજૂ કરવામાં આવેલ નથી. જે અંગેનો લેખિત પુરાવો ફરજીયાતપણે રજૂ કરવો જરૂરી હોય તે બાબત અંગે માત્ર મૌખિક પુરાવો માન્ય રાખી શકાય નહીં. જો પ્રતિવાદીએ બાકી રહેતી રકમ તરીકે વાદીએ દાવા અરજીમાં જણાવેલી રકમનો સ્વિકાર કરેલો હોત તો વાદીને કદાચ તેવો સચોટ પુરાવો રજૂ કરવામાંથી મુક્તિ મળી શકી હોત, પરંતુ હાલના કિસ્સામાં વાદીએ શરૂઆતના તબક્કાથી જ એટલે કે દાવા અરજીના જવાબના તબક્કાથી જ આ રકમ ખોટી હોવાની તકરાર ઉપસ્થિત કરેલી છે અને તે અંગે પુરાવો રજૂ કરવા માટે વાદીને જણાવેલ છે. આમ, વાદી દ્વારા રજૂ કરવામાં આવેલા દસ્તાવેજો ધ્યાને લેતા વાદીએ તા. ૧૯/૦૬/૨૦૨૦ ના રોજ આ કામના પ્રતિવાદીને રૂપિયા ૬,૪૨,૦૦૦/– ની લોન આપેલ હોવાનું સાબિત થાય છે, પરંતુ દાવો કરવામાં આવ્યો તે તારીખે સદરહુ લોનની બાકી રકમ રૂપિયા ૯,૨૦,૪૨૬.૮૦ હોવાનું સાબિત થતું નથી. આ તબક્કે એ હકીકત ધ્યાને લેવી જરૂરી છે કે, વાદીએ આંક–૩૦ થી લોન ખાતાના ઉત્તારાની જે નકલ રજૂ કરેલ છે તે નકલ અધુરી નકલ નથી. આ નકલમાં છેવટની એન્ટ્રી તા. ૩૦/૦૬/૨૦૨૩ ના રોજ આપવામાં આવેલી છે અને તેવી એન્ટ્રીને અંતે લોન ખાતાની બાકી રકમ રૂપિયા ૬,૫૬,૧૮૮.૮૦ હોવાનું દર્શાવેલું છે. ત્યારબાદ નીચે "એન્ડ ઓફ સ્ટેટમેન્ટ" લખવામાં આવેલું છે તેનો સીધો અર્થ એ થાય કે આંક–૩૦ થી રજૂ કરવામાં આવેલ ઉત્તારો છેવટની એન્ટ્રી દર્શાવતો આખરી ઉત્તારો છે. જો તા. ૩૦/૦૬/૨૦૨૩ ના રોજ બેંક ખાતાનો ઉત્તારો રૂપિયા ૬,૫૬,૧૮૮.૮૦ ની બાકી રકમ દર્શાવતો હોય તો માત્ર ૬

મહિનાના ગાળામાં દાખલ કરવામાં આવેલ હાલના દાવામાં કુલ બાકી રકમ રૂપિયા ૯,૨૦,૪૨૬.૮૦ કેવી રીતે થઈ ગયેલ છે તે બાબત વાદી અદાલતને બતાવી શકેલા નથી. આ હકીકતનો ખુલાશો વાદીએ પોતાની દાવા અરજીમાં કરેલો નથી કે સોગંદ ઉપરના પુરાવામાં પણ આ ગણતરીની સ્પષ્ટતા કરવામાં આવેલી નથી. સ્વાભાવિક રીતે જ માત્ર ૬ મહિનાના ગાળામાં વ્યાજની રકમ આશરે ૨,૫૦,૦૦૦/- જેટલી કેવી રીતે ગણવામાં આવી છે તે બાબત અદાલતના રેકર્ડ ઉપર મુકવાની જવાબદારી વાદીની થાય છે. આ હિસાબો વાદી દ્ધારા તૈયાર કરવામાં આવે છે. જેથી વાદીએ રજૂ કરેવા દાવામાં દર્શાવેલી બાકી રકમ વાદીએ તૈયાર કરેલા હિસાબો મુજબની છે તે બાબત વાદીએ સાબિત કરવાની થાય. વાદી આ હકીકત સાબિત કરી શકેલા નથી. જેથી મુદ્ધા નંબર-૨ નો જવાબ ન્યાયના હિતમાં "**નકારમાં**" આપવામાં આવે છે.

-: મુદ્ધા નંબર-૩ :-

(૧૩) પ્રતિવાદીના કહેવા મુજબ વાદીનો દાવો સમય-મર્યાદા બહારનો છે. વાદી દ્ધારા પોતાની દાવા અરજીમાં જણાવ્યા મુજબ પ્રતિવાદીને તા. ૧૯/૦૬/૨૦૨૦ ના રોજ સદર લોન આપવામાં આવેલી હતી. આ અનુસંધાને વાદીએ આંક-૨૭ થી રજૂ કરેલ દસ્તાવેજ ધ્યાને લેતા તે રીન્યુઅલ પત્રક છે. જે ઉપરથી એ બાબત સ્પષ્ટ થાય છે કે વાસ્તવમાં તા. ૧૯/૦૬/૨૦૨૦ ના રોજ પ્રતિવાદીએ રૂપિયા ૬,૪૨,૦૦૦/- ની લોન સૌપ્રથમ વખત મેળવેલી છે તેવું નથી, પરંતુ અગાઉ મેળવેલી લોન તા. ૧૯/૦૬/૨૦૨૦ ના રોજ રીન્યુ કરવામાં આવેલી છે,જેથી અગાઉની લોન તથા તેના વ્યાજ સહિતની બાકી રકમ રૂપિયા ૬,૪૨,૦૦૦/- થતી હતી. જો તા. ૧૯/૦૬/૨૦૨૦ ના રોજ પ્રતિવાદીએ સૌપ્રથમ વખત વાદી બેંકમાંથી લોન લીધી હોત તો

આંક–૨૭ વાળા દસ્તાવેજ ઉપર રીન્યુઅલ અરજી પત્રક લખવામાં આવેલ ન હોત, પરંતુ લોન અરજી પત્રક લખવામાં આવેલ હોત. જેથી એ બાબત સ્પષ્ટ થાય છે કે, સદર લોન ૨૦૨૦ ના વર્ષમાં નહીં, પરંતુ તે અગાઉના કોઈ વર્ષમાં લેવામાં આવેલી છે.

(૧૩.૧) ઉપરોક્ત હકીકત હોવા છતાં જ્યારે તા. ૧૯/૦૬/૨૦૨૦ ના રોજ પ્રતિવાદીએ સદરહુ લોન રીન્યુ કરાવેલી હોય ત્યારે સમય–મર્યાદાની ગણતરી સદરહુ નવી લોન ભરપાઈ કરવાની થાય ત્યારથી કરવાની રહે છે. પાક ધીરાણ યોજનાઓ હેઠળ કૃષી વિષયક લોન સામાન્ય રીતે એક વર્ષ માટે આપવામાં આવતી હોય છે. જેથી ૨૦૨૦ ના વર્ષમાં રીન્યુ કરીને લેવામાં આવેલી સદર લોન ૨૦૨૧ ના વર્ષમાં ભરપાઈ કરી દેવાની થતી હતી. જો ૧૯/૦૬/૨૦૨૦ ના રોજ રીન્યુ કરેલી સદર લોનની રકમ એક વર્ષમાં એટલે કે તા. ૧૮/૦૬/૨૦૨૧ સુધીમાં ભરપાઈ કરી દેવાની હોય અને પ્રતિવાદીએ તેવી રકમ ભરપાઈ કરી આપેલી ન હોય તો દાવો દાખલ કરવા માટે નક્કી કરવામાં આવેલ ત્રણ વર્ષની સમય–મર્યાદા તા. ૧૮/૦૬/૨૦૨૧ થી ગણવાની રહે છે. વાદીએ હાલનો દાવો તા. ૧૨/૧૨/૨૦૨૩ ના રોજ દાખલ કરેલો છે. જેથી વાદીનો દાવો રકમ લેવાની થાય તેના ત્રણ વર્ષના સમયગાળા દરમિયાન દાખલ કરેલ હોય વાદીનો દાવો સમય–મર્યાદામાં છે. આ ઉપરાંત પ્રતિવાદીએ વાદીની તરફેણમાં રીવાઈવલ લેટર પણ કરી આપેલ છે જે આ કામે વાદી દ્વારા આંક–૨૯ થી રજૂ કરવામાં આવેલ છે, પરંતુ સદરહુ રીવાઈવલ લેટર આંક–૨૯ની હકીકત ધ્યાને લેતા તેમાં કોઈ તારીખ લખવામાં આવેલી નથી અને છાપેલા ફોર્મની વિગતો કોરી રાખીને માત્ર પ્રતિવાદીના નામ તેમાં લખવામાં આવેલ છે અને નીચે સહીં તથા અંગુઠા લેવામાં આવેલા છે. સ્ટેમ્પ તથા જામીનની સહીંની વિગતો પણ કોરી રાખવામાં આવેલી છે. આ રીવાઈવલ લેટરમાં કોઈ લોનની વિગત, તારીખ, બાકી રકમ,

વ્યાજની રકમ, વ્યાજની ટકાવારી વિગેરે હકીકતો દર્શાવવામાં આવેલી નથી અને આ ફોર્મમાં આ અંગેના કોલમ હોવા છતાં તેને કોરા છોડી દેવામાં આવેલા છે. જેથી એ બાબત સ્પષ્ટ થાય છે કે, જે તે સમયે પ્રતિવાદીઓ પાસેથી લોન આપતી વખતે જ આવા કોરા ફોર્મ ઉપર સહીં/અંગુઠાઓ કરી લેવામાં આવેલ છે અને ત્યારબાદ તેની કોઈ વિગત આજદીન સુધી ભરવામાં આવેલી નથી.

(૧૩.૨) ઉપરોક્ત વિગતો હોવા છતાં સદર રીવાઈવલ લેટર ધ્યાને લીધા સિવાય પણ વાદીનો દાવો સીધી રીતે સમય-મર્યાદામાં દાખલ થયેલ હોય મુદ્દા નંબર-૩નો જવાબ ન્યાયના હિતમાં "**હકારમાં**" આપવામાં આવે છે.

-: મુદ્દા નંબર-૪ :-

(૧૪) આ કામે ઉપરના જુદા જુદા મુદ્દાઓમાં કરવામાં આવેલી વિગતવારની ચર્ચા મુજબ એ બાબત સ્પષ્ટ થાય છે કે, આ કામના પ્રતિવાદીઓએ રૂપિયા ૬,૪૨,૦૦૦/- ની લોન આ કામના વાદી પાસેથી લીધેલી છે. એ બાબત પણ સ્વિકૃત હકીકત છે કે, લેવામાં આવેલી સદર લોન પ્રતિવાદીઓએ પુરેપુરી ભરપાઈ કરી આપેલી નથી. પ્રતિવાદીનો એવો બચાવ નથી કે, તેઓએ લીધેલી લોન પુરેપુરી ભરપાઈ કરેલ હોવા છતાં વાદીએ ખોટી હકીકતો દર્શાવીને હાલનો દાવો દાખલ કરેલ છે. ટુંકમાં કહીએ તો પ્રતિવાદી દ્વારા લેવામાં આવેલી લોનની રકમ પુરેપુરી ભરપાઈ થયેલી નથી તે સ્વિકૃત હકીકત છે. લોનની કેટલી રકમ બાકી રહેતી હતી તે હકીકતની ગણતરી કરવાની અને તે અંગેના હિસાબો નિભાવવાની જવાબદારી વાદીની થતી હોવાથી વાદીએ આ અંગેના દસ્તાવેજો અદાલતના રેકર્ડ ઉપર મુકવા જરૂરી છે. આમ, પણ પુરાવા અધિનિયમની જોગવાઈ મુજબ કોઈ ચોક્કસ રકમ પ્રતિવાદી

પાસેથી લેવાની બાકી રહે છે તેવું જણાવીને દાખલ કરવામાં આવતા દાવામાં આ ચોક્કસ બાકી રકમની સાબિતી અદાલત સમક્ષ રજૂ કરવાની જવાબદારી વાદીની રહે છે. જેથી જ્યારે વાદી એવી હકીકતે દાવો રજૂ કરતાં હોય કે દાવો દાખલ કર્યો તે તારીખે પ્રતિવાદીના લોન ખાતાની બાકી રકમ રૂપિયા ૯,૨૦,૪૨૬.૮૦ હતી તો તે બાબત અદાલતના રેકર્ડ ઉપર ખાતાનો ઉત્તારો રજૂ કરીને વાદીએ સાબિત કરવી જોઈએ. વાદી દ્ધારા આંક-૩૦ થી લોન ખાતાનો ઉત્તારો રજૂ કરવામાં આવેલ છે જેમાં દર્શાવેલી રકમ ઉપર વિગતવારની ચર્ચા કરી તે મુજબ માત્ર ૬,૫૫,૧૮૮.૮૦ હોવાનું દર્શાવેલું છે. આમ, વાદી દ્ધારા રજૂ કરવામાં આવેલ સમગ્ર પુરાવો ધ્યાને લેતા એ બાબત સાબિત થાય છે કે, આ કામના પ્રતિવાદીઓએ રૂપિયા ૬,૪૨,૦૦૦/- ની કૃષી વિષયક લોન વાદી પાસેથી મેળવેલ છે અને તે લોનની પુરેપુરી રકમ પ્રતિવાદી આજદીન સુધી ભરપાઈ કરી શકેલા નથી. એ બાબત સ્પષ્ટ થાય છે કે, જ્યારે પ્રતિવાદીએ લીધેલી લોનની પુરેપુરી રકમ તેઓએ વાદી બેંકને ભરપાઈ કરી આપેલી ન હોવાથી વાદી બેંક બાકી રહેલી રકમ વ્યાજ સહિત પ્રતિવાદી પાસેથી વસુલ મેળવવા માટે હક્કદાર બને છે. તેવા સંજોગોમાં વાદીનો સમગ્ર દાવો માત્ર ચોક્કસ રકમ રેકર્ડ ઉપર ન આવતી હોવાના કારણે રદ કરવો જોઈએ નહીં કારણ કે વાદી એક બેંકીંગ સંસ્થા છે અને બેંકીન્ગ સંસ્થા હોવાના કારણે વાદી જાહેર જનતાના નાણાનો વ્યવહાર અને વહિવટ કરતા આવેલા છે. લોનની જે કોઈ રકમ ભરપાઈ થાય તે રકમ વાદી સંસ્થામાં ભરપાઈ કરવાની થાય છે તેના કોઈ અધિકારીઓને આ બાબતે અંગત હિત હોતું નથી. તેવા સંજોગોમાં સમગ્ર દાવો નામંજુર કરવાને બદલે લેવામાં આવેલી લોન રૂપિયા ૬,૪૨,૦૦૦/- ઉપર નક્કી થયા મુજબ વ્યાજની ગણતરી કરી તેમાંથી પ્રતિવાદીએ ભરપાઈ કરેલી રકમ બાદ કરીને બાકી રહેતી રકમ વાદી વસુલ મેળવવા માટે હક્કદાર છે તેવું ઠરાવીને તે અંગેનો યોગ્ય

તે હુકમ કરવામાં આવે તો ન્યાયનો હેતુ જળવાશે તેવું મારૂ માનવું છે. આ હુકમ કરવા પાછળનો બીજો હેતુ એ છે કે, જ્યારે પ્રતિવાદીએ લોન લીધેલાની હકીકત સ્વિકૃત હકીકત તરીકે અદાલતના રેકર્ડ ઉપર આવતી હોય અને તે લોનની રકમ પુરેપુરી ભરપાઈ થયેલી નથી તે હકીકત પણ સ્વિકૃત હકીકત તરીકે અદાલતના રેકર્ડ ઉપર આવતી હોય ત્યારે વાદીનો દાવો રદ કરવાથી ન્યાયનો હેતુ જળવાશે નહીં. આ કામે પ્રતિવાદીએ લીધેલી લોનની રકમ પુરેપુરી ભરપાઈ કરી દીધી છે તેવું ખુદ પ્રતિવાદીનું કહેવું નથી. આ ઉપરાંત પ્રતિવાદી દ્વારા રજૂ કરવામાં આવેલ આંક-૩૮ ની પુરસીસ ધ્યાને લેતા પ્રતિવાદી એવી રજૂઆત કરે છે કે, તેઓ ગરીબ વર્ગમાંથી આવે છે અને ખેતીની આવક સિવાય બીજા કોઈ આવકના સાધનો નથી. તેઓને વ્યાજ માફી આપવામાં આવે તો તેઓ લોનની રકમ ભરપાઈ કરી દેવા રાજી અને ખુશી દર્શાવે છે. આમ, આ કામના પ્રતિવાદીએ પણ બાકી રહેલી લોનની રકમ ભરપાઈ કરવાની તૈયારી દર્શાવેલ હોય ત્યારે માત્ર ચોક્કસ નાણાકીય રકમ વાદી સાબિત કરી શકેલા ના હોવાના કારણોસર વાદીનો સમગ્ર દાવો રદ કરવાને બદલે તે અંગે યોગ્ય તે આદેશ કરવો જોઈએ તેવું મારૂ માનવું છે.

(૧૪.૧) આ તબક્કે વાદી દ્વારા આપવામાં આવેલ પુરાવાના સોગંદનામા આંક-૩૬ અન્વયે પ્રતિવાદી તરફે કરવામાં આવેલ ઊલટતપાસ ધ્યાને લેવામાં આવે તો વાદી સંસ્થાના જવાબદાર અધિકારી આ લોન બાબતે એવી હકીકત જણાવે છે કે, આ લોનના નિયમ મુજબ પ્રથમ ત્રણ લાખ સુધી વાર્ષિક ૭ ટકા લેખે વ્યાજ ગણવાનું છે અને ત્યારબાદની રકમ ઉપર વાર્ષિક ૧૩ ટકા લેખે વ્યાજ ગણવાનું રહે છે. આ હકીકત વાદીના જ જવાબદાર અધિકારી દ્વારા પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવવામાં આવેલ હોય ત્યારે પ્રતિવાદીએ લીધેલી લોનની રકમ રૂપિયા ૬,૪૨,૦૦૦/- પૈકી પ્રથમ

૩,૦૦,૦૦૦/- ની રકમ ઉપર નિયમ મુજબ વાર્ષિક ૭ ટકા લેખે વ્યાજ ગણી ત્યારબાદની રકમ ઉપર વાર્ષિક ૧૩ ટકા લેખે વ્યાજ ગણીને જે રકમ આવે તે રકમ આ કામના પ્રતિવાદીએ ભરપાઈ કરવાની થાય છે તેવો આદેશ કરવામાં આવે તો ન્યાયનો હેતુ જળવાશે તેવું મારૂ માનવું છે.

(૧૪.૨) આ કામના પ્રતિવાદી ગરીબ વર્ગમાંથી આવતા હોય અને ખેતીની આવક સિવાય અન્ય કોઈ આવકના સ્ત્રોત પ્રતિવાદી ધરાવતા ન હોય ત્યારે તેમજ પોતે વ્યાજમાં રાહત આપવામાં આવે તો લોનની રકમ ભરપાઈ કરવાની તૈયાર દર્શાવતા હોય ત્યારે એ બાબત સ્પષ્ટ થયેલ છે કે, પ્રતિવાદી દ્વારા લોન નહીં ભરપાઈ કરવા પાછળ તેઓની આર્થિક પરિસ્થિતિ જવાબદાર છે. આવા કિસ્સામાં પ્રતિવાદી સામે પેનલ્ટી ઈન્ટરેસ્ટ ભરવાનો આદેશ કરવામાં આવે તો તે બાબત અન્યાયકારી સાબિત થાય. કાયદાની જોગવાઈ મુજબ જ્યારે પેન્લ્ટી ઈન્ટરેસ્ટ બાબતે પક્ષકારોએ સંમતી દર્શાવેલી હોય ત્યારે પણ અદાલત એ વ્યાજના દરની મર્યાદામાં રહીને યોગ્ય અને ન્યાયી દરે વ્યાજ ચુકવવાનો આદેશ કરી શકે છે. તેવા સંજોગોમાં મુળ લોન જે હેતુથી આપવામાં આવેલી હતી તે હેતુ તથા પ્રતિવાદીની આર્થિક પરિસ્થિતિ તેમજ આ કામના વાદીએ પોતાની ઊલટતપાસમાં જણાવેલી હકીકત ધ્યાને લઈ આ કામના વાદી તેઓએ આપેલી લોનની રકમ રૂપિયા ૬,૪૨,૦૦૦/- ઉપર તારીખ ૧૯/૦૬/૨૦૨૦ થી એટલે કે લોન રીન્યુ તારીખથી પ્રથમ ૩,૦૦,૦૦૦/- રૂપિયા સુધી વાર્ષિક ૭ ટકા પ્રમાણે વ્યાજ મેળવવા માટે હક્કદાર છે અને બાકીની રકમ ઉપર વાર્ષિક ૧૩ ટકા પ્રમાણે વ્યાજ મેળવવા માટે હક્કદાર છે તેવું ઠરાવવામાં આવે છે. જેથી તે મુજબની રકમ આ કામના વાદી પ્રતિવાદી પાસેથી વસુલ મેળવવા માટે હક્કદાર હોય મુદ્દા નંબર ૪ નો જવાબ ન્યાયના હિતમાં **"અંશતઃ**

હકારમાં" આપવામાં આવે છે તથા મુદ્દા નંબર–૫ અન્વયે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

–: આખરી હુકમ :–

(૧) વાદીનો હાલનો દાવો ન્યાયના હિતમાં **અંશતઃ મંજુર** કરવામાં આવે છે.

(૨) આ કામના વાદીને આથી આદેશ કરવામાં આવે છે કે, આ કામના પ્રતિવાદી દ્ધારા તા. ૧૯/૦૬/૨૦૨૦ ના રોજ લેવામાં આવેલ લોન રૂપિયા ૬,૪૨,૦૦૦/– (અંકે રૂપિયા છ લાખ બેતાલીસ હજાર પુરા) ઉપર આ લોનના નિયમ મુજબ પ્રથમ ૩,૦૦,૦૦૦/– (અંકે રૂપિયા ત્રણ લાખ પુરા) ઉપર વાર્ષિક ૭ ટકા લેખે અને ત્યારબાદની રકમ ઉપર વાર્ષિક ૧૩ ટકા લેખે વ્યાજની ગણતરી કરી તેમાંથી આ સમયગાળા દરમિયાન પ્રતિવાદીઓએ ભરપાઈ કરેલી રકમ (જો હોય તો) બાદ કરી આજરોજ હુકમની તારીખ–૦૭/૦૫/૨૦૨૬ ની સ્થિતિએ પ્રતિવાદીઓએ કેટલી રકમ ભરપાઈ કરવાની થાય છે તેની ગણતરી દિન–૩ માં પ્રતિવાદીઓને પુરી પાડવી અને તેની એક નકલ આ દાવાના કામે રજૂ કરવી.

(૩) આ કામના પ્રતિવાદીઓને આથી આદેશ કરવામાં આવે છે કે, વાદી દ્ધારા ઉપરોક્ત હુકમ મુજબની ગણતરી કરી જે રકમ જણાવવા આવે તે રકમ હુકમ થયાના દિન–૩૦ માં વાદી બેંકમાં ચુકવી આપવી.

(૪) જો પ્રતિવાદીઓ ઉપરોક્ત હુકમ મુજબની રકમ દિન–૩૦ માં ચુકવી આપવામાં નિષ્ફળ જાય તો વાદી બેંક પ્રતિવાદીઓ પાસેથી તેવી રકમ ઉપર વાર્ષિક ૧૩ ટકાના વ્યાજ સહિત રકમ વસુલ મેળવવા માટે હક્કદાર બનશે.

(૫) વાદીને થયેલા દાવાનો ખર્ચ પ્રતિવાદીઓએ ચુકવી આપવો અને પ્રતિવાદીઓને થયેલ ખર્ચ પ્રતિવાદીઓએ જાતે ભોગવવો.

(૩) હુકમ મુજબ હુકમનામું દોરવું.

હુકમ આજરોજ તારીખ–૦૭, માહે–મે, સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તારીખ– ૦૭/૦૫/૨૦૨૬

જામનગર.

(એમ.કે.ખેર)
પ્રિન્સીપાલ સિનીયર સીવીલ જજ અને
અધિક ચીફ જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ,
જા મ ન ગ ર.
કોડ નં. જી.જે–૦૦૮૫૯